
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



સમેતશિખર તીર્થનું મુખ્ય જિનાલય

પુસ્તક ૫૫
અંક ૬

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

ચૈત્ર
સં. ૨૦૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमं


| | | |
|---|---|---|
| १. सुभाषित | | ८१ |
| ૨. અનામિકોને સ્મરણાંજલિ | (શ્રી બાલચંદ હીરાચંદ) | ૮૨ |
| ૩. પૂર્ણાનન્દ | | ૮૩ |
| ૪. જીવન અને આનંદ | (મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી) | ૮૪ |
| ૫. ઉપાધ્યાયજીની પાઇય (પ્રાકૃત) કૃતિઓ | (હી. ર. કાપડિયા) | ૮૫ |
| ૬. માનસિક મિત્રો અને શત્રુઓ | (અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ) | ૯૦ |
| ૭. અલ્પતામાં જ પ્રભુતા વસે છે. | (શ્રી બાલચંદ હીરાચંદ) | ૯૩ |
| ૮. ભ૦ મહાવીરનું અનંતવીર્ય—આત્મચર્યા અને ઉપદેશ. | (જિજ્ઞાસુ) | ૯૫ |


# પુસ્તક પરિચય

"Half hour with a Jain Muni" by Prof A.H.A. Baakza M.A.

ભાવનગરની જનતાને ગયા વરસ દરમ્યાન અનેક પ્રસંગે મીઠાં સ્મરણો રહે એવો જેમનો પરિચય થયો હતો એ મુનિમહારાજ શ્રી ચંદ્રપ્રભસાગરની ટૂંકી જીવનકથા પ્રો. બાકઝાએ અંગ્રેજી ભાષામાં પચાસેક પાનાની પુસ્તિકામાં લખી પ્રકટ કરી જિજ્ઞાસુઓને માટે મુનિશ્રીના સંબંધી ઘણી હકીકત અને માહિતી પૂરી પાડી છે, એ માટે લેખક મહાશયને અભિનંદન ઘટે છે. પ્રો. બાકઝાને ભાવનગરમાં મુનિશ્રીના ચાતુર્માસ નિવાસ દરમ્યાન હમેશાં ઘડી બે ઘડી એમના સત્સંગનો લાભ મળ્યા કરેલો અને એ સંતસમાગમ સમયે મુનિશ્રીના પૂર્વાશ્રમ સંબંધી ઘણી વાતો સાંભળવાનો ને નોંધ લેવાનો મોકો મળેલો. એ બધી નોંધ જીવનકથાના સ્વરૂપે ગૂંથીને સરળ છટાદાર વેગીલી શૈલીમાં પ્રો. બાકઝાએ વાચકો માટે તૈયાર કરી આપી છે. એક જૈન સાધુની જીવનકથા મુસ્લીમ લેખકની કલમ આલેખે એ બીના બહુ સામાન્ય નથી. પણ આ સ્થળે લેખક અને એમની કથાનું પાત્ર બન્ને, મનાતા ધર્મના સંકુચિત વાડાઓની મર્યાદામાં બંધાયેલા નથી એવું લખાણ પરથી સમજાય છે. સર્વધર્મનો સમન્વય માનવ ધર્મમાં થાય છે અને માનવધર્મને સીમાડા સંભવતા નથી તેથી અંગ્રેજી જાણનાર વાચકોને એમાંના અનેક પ્રસંગો પ્રેરક અને ચમત્કારિક લાગશે. આ પુસ્તિકાનો ગુજરાતી અનુવાદ કરી પ્રકટ કરવામાં આવે તો મુનિશ્રીના અસંખ્ય પૂજકો અને પ્રશંસકોને લાભ થાય. મુનિશ્રીને આ પ્રકાશ ક્યાંથી કેમ લાધ્યો એ સમજવામાં સરળતા થાય. પુસ્તકની ટૂંકી પ્રસ્તાવના પ્રો. દવેએ લખી છે. જીસસ ક્રાઇસ્ટના કોઈ શિષ્યની યાદી આપે એવો મુનિશ્રીનો ફોટો-બ્લોક પુસ્તિકામાં સામેલ રાખવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૫ મું ] સં. ૨૦૧૪ ચૈત્ર [ અંક ૬

## સુભાષિત

**ऋणशेषोऽग्निशेषश्च व्याधिशेषस्तथैव च।**
**पुनश्च वर्धते यस्मात् तस्माच्छेषं न कारयेत् ॥**

**ઋણ, અગ્નિ તથા વ્યાધિ, લેશ માત્ર રહી જતાં;**
**વધે ફરી ફરી, તેથી કદી બાકી ન રાખવા.**

ઉપરથી સાદા જણાતાં આ સુભાષિતમાં માણસે સદોદિત જીવનભર પાળવા લાયક શિખામણ આપી છે કે ન ચુકવાયેલું થોડુંક જ દેવું પણ ખબર ન પડે તે રીતે વધી વધીને ખોરડું ને ખેતર વેચવા પડે તેટલું થઈ જાય છે. ઉપરછલ્લા ઉપચારો કરીને પોતાને નીરોગી થઈ ગયાનું માનનાર વ્યક્તિ એ જ રોગના ઘાતક ઉથલામાં સપડાઈ બેસે છે. ને ઉપેક્ષિત રહેલો આગનો નાનકડો તણખો પ્રજ્વળીને આગનું સ્વરૂપ પકડે છે, તેથી વ્યવહારદક્ષ તો એ જ માણસ ગણાય કે જે દેવું વહેલી તકે ચૂકતે કરી નાખે, અગ્નિને ઠારીને ઠીકરું કરી મૂકે અને દવાદારૂ ચીવટથી કરીને રોગના મૂળિયાં ઉખેડી નાખે.

'કુમાર'માંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનામિકોને સ્મરણાંજલિ

(એવા અનેક કવિઓ, ગ્રંથકારો, મૂર્તિકારો, શિલ્પકારો, ચિત્રકારો અને લેખકો થઇ ગયા, જેમની પ્રતિભાથી અનેક ભવ્યાત્માઓ તરી ગયા, પણ તેમનું નામ, સ્થાન કે વંશ કોઇ જાણતું નથી તેમના સ્મરણને અંજલી આપવામાં આવી છે.)

( હરિગીત )

કેઇ ગ્રંથ રચિયા રૂચિર સુંદર મધુર ભાષી શોભિતા,
જે વિવિધ છંદ સુગંધ પસરે ભવિકજનમન ભાવતા;
ભાષા સુભાષિતરસ વહે છે જેહમાંથી કાવ્યનો,
પણ કોણ એ કયાંનો કવિ જસ સુંદરા મધુ ભાવના. ૧

પહેરાવિયા છે ભારતીને અલંકાર સુવર્ણના,
રત્ને જડયા બહુ વિવિધ રંગે શોભિતા સર્વાંગના;
પણ કોણ કવિ એ તત્વચિંતક કયાં વસ્યા કુણ ગામમાં,
જાણે ન કોઇ નમન તેના એ અનામિક ચરણમાં. ૨

બોધ્યા ઘણા પ્રેમળ ગિરાથી તત્વ દાખ્યા અવનવા,
સિદ્ધાંત સમજાવ્યા મનોહર મધુર વાણીથી નવા;
પરમાત્મ સાથે જોડિયા કેઇ ભવિકજનને ભાવથી,
એ કોણ કયાંના કોઇ ન જાણે નમન તસ પદ ભક્તિથી. ૩

સરજ્યા અલૌકિક દેવમંદિર બોલતા પ્રસ્તર કર્યા,
નિજ કવિકલાકૃતિ સમ કરીને નિર્મિતિ શાંતિ વર્યા;
અર્પી જનોની ભાવનાને ભક્તિરસભર એ ગયા,
નામો ન જાણે કોઈ એના સર્વ નતમસ્તક થયા. ૪

અણઘડ રહ્યો છે ખાણમાં પ્રસ્તર અમિત બહુ કાળથી,
ઉધૃત કર્યો કોઇ કલાધરએ પુણ્ય અવસર હાથથી;
નિર્માણ કીધી ચતુર હસ્તે મૂર્તિ શ્રી જિનરાજની,
મનમોહિની ને પ્રશમરસની ભાવના મુક્તિતણી. ૫

જસ દર્શને કેઇ ધર્મ પામ્યા આત્મદર્શન કેઇ વર્યા,
કાર્યો સર્યા કેઇ અમિત જનના અમૃતરસ કેઇ આદર્યા;
સ્વર્ગે ગયા કેઈ સાધુમુનિવર મુક્તિમાં પણ કેઇ ગયા,
નિર્માણ કીધી કોણ સુજને મૂર્તિ સહુ ભૂલી ગયા. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીપી લખી જે ગ્રંથરૂપે કવિજનોની ભાવના,
કીધી અમર એ કલ્પના ચિત્રિત કરી મનરંજના;
મુક્તાફલાકૃતિ રૂચિર શોભિત વર્ણ લખિયા પ્રેમથી,
પણ કોઇ ન જાણે નામ એનું નમન તસ પદ ભાવથી. ૭

એવા કલાધર કવિજનો ને શોધકો અવનિ વિષે,
કર્યો કરી નિજ આત્મગુણના ગુણિજનો જગમાં દિસે;
કોઇ ન જાણે નામ એવા બુદ્ધિધનના લોકમાં,
બાલેન્દુ તસ ચરણે સમર્પે વર્ણકુસુમાંજલી સમા. ૮

'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ

## —પૂર્ણાનન્દ—

(રાગ :— રૂષભ જિણંદશું પ્રીતડી)

પરમ પ્રભુતા ક્યારે મળે, ક્યારે થઈશું રે પ્રભુજીથી અભંગ,
નિજ રૂપ પ્રગટાવી ખરું, ક્યારે પામીશું સત્યપૂર્ણાનન્દજી—પરમ.

ધ્યાન સુરંગ અભેદથી, આત્મભાવે રે થઇ અભેદ નિઃસંગ,
છેદી વિભાગ અનાદિનો, અનુભવવો રે રૂડો રસસંવેદ—પરમ.

અનુભવ મિત્તને વિનવું, નવ કરવો ચાહ પરરસરંગ,
શુધ્ધાતમ રસ રંગથી, કર પ્રીતિ રે પૂર્ણશક્તિ અબંધ—પરમ.

પૂર્ણ પ્રેમી લાલન સખા, સત્તાએ હો સરખા તું જિણંદ,
પ્રભુ ધ્યાન રંગે રમો સદા, પામો સુખડા હો અવ્યાબાધ અનંત—પરમ.

નિજ શકિત પ્રભુ ગુણ રમે, તે પામે હો પરિપૂર્ણાનન્દ,
ગુણ ગુણી ભેદ અભેદથી, વ્હાલા પીજીએ સત્ શમમકરંદ—પરમ.

સર્વ ગુણી સમરસ ભર્યા, જુવો જિનવર હો મુખ પુનમચંદ,
જાગૃત ઉજ્વળ જ્ઞાનની, ધ્યાન ધરજો હો પ્રભુના બ્રહ્મરંધ્ર—પરમ.

પરમ પ્રભુતા પામવા, વ્હાલા મીત્તા હો પ્રભુ પ્રેમી અભંગ,
પ્રભુધ્યાને લયલીન બની, પામો મણિમય હો નિત્યાતમ રસકંદ—પરમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન અને આનંદ

મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી

જીવન અને આનંદ—તેમાં આનંદ એ મનની એક પ્રકારની સ્થિતિ છે. તેનો જીવનની સાથે કેવો અને કેટલો સંબંધ છે ? એટલે કે જીવનમાં તેનું શું સ્થાન છે તે વિચારીએ.

આપણે જોઇ શકીએ છીએ કે બાળક કે વૃદ્ધ, કેળવાયેલ કે બિનકેળવાયેલ, સંસારી કે ત્યાગી દરેકને આનંદની જરૂર છે. આનંદ વગરનું જીવન શુષ્ક અને ભારરૂપ લાગે છે, બાલ્યાવસ્થામાં બાળકો નિર્દોષ રમતો રમીને આનંદ કરે છે. વિદ્યાર્થી અવસ્થામાં કેટલાક સારામાં સારો અભ્યાસ કરવામાં આનંદ માને છે, જ્યારે કેટલાક તોફાનો તથા કુટેવોને પોષવામાં આનંદ માને છે. યુવાવસ્થામાં દરેક પોતાની જુદીજુદી જાતની ઇચ્છાઓ તૃપ્ત કરવામાં આનંદ માને છે. કોઇક પોતાની કીર્તિ અને આબરૂ વધે તેવાં, કોઇક પરોપકારી કાર્યો કરી સંતોષ મેળવવામાં તો કોઇક તુચ્છ કાર્યો કરવામાં આનંદ માને છે. કોઇક ગમે તે ભોગે (ગમે તેવા દયાહીન કાર્યોથી) પોતાની તિજોરીને છલોછલ ભરવામાં આનંદ માને છે. જ્યારે કોઇક વળી આપે છલોછલ ભરેલ તિજોરીનું તળિયું શોધવાના પ્રયોગમાં આનંદ માને છે. વૃદ્ધાવસ્થામાં કોઇક યમ, નિયમન અને તપ ને જપ વિગેરે ધાર્મિક કાર્યો કરી નિવૃત્તિમય સરવૈયું સરખું બનાવવામાં આનંદ માને છે. જ્યારે કેટલાક કેવળ બાહ્યાડંબર તરીકે આચારવિચાર વગરનાં નિષ્પ્રાણ ક્રિયાકાંડો કરી સ્વર્ગનું વિમાન તેમના માટે રીઝર્વ થશે જ તેવી આશાઓ બાંધવામાં આનંદ માને છે.

કોઇક ત્યાગી–વૈરાગી આત્માઓ–મહાત્માઓ સિદ્ધસેનદિવાકર, આનંદઘનજી ને ધર્મઘોષસૂરિજી ને ચિદાનંદ મહારાજ અને યુગપ્રધાન જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિજી ને કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજ ને પંચમકાળમાં ને વીસમીસદીના જમાનામાં આત્મારામ મહારાજજી ને યોગનિષ્ઠ બુદ્ધિસાગરસૂરિજી ને વિજયવલ્લભસૂરિ. ને અજિત સા. સૂ. મ. જેવા સમર્થ આચાર્યો જૈનસમાજમાં તેમજ બીજા સંપ્રદાયમાં થયા છે ને દેશનેતા તરીકે મહાત્મા ગાંધી, જવાહર વિ. થયા છે. ને જવાહર જેવા વિદ્યમાન છે. પોતાના સર્વસ્વના ભોગે બીજાની સુખ, શાંતિ કે આનંદમાં પોતાનો આનંદ માને છે. જ્યારે કેટલાક સર્વના ભોગે પોતાના આનંદમાં સર્વનો આનંદ ગણી લે છે. ધારો કે આપણે મુસાફરીએ નીકળ્યા ને વિવિધ દેશોમાં વિચર્યા હોઇએ, તેમાં આપણી બધી સુખ–સગવડતાઓ સચવાય, તેમાં આનંદ પડે કે અગવડો અથવા મુશ્કેલીઓમાં આપણાં બુદ્ધિબળનો ઉપયોગ કરવામાં ખરો આનંદ પડે ? સીધી સપાટ જમીન ઉપર વાહનોમાં ને પગે ચાલવામાં આનંદ પડે કે પર્વતો, ખીણો, વિગેરે ઠેકાણે પગે ચાલીને મુસાફરી કરવામાં ખરો આનંદ પડે ? આ પ્રશ્નોના જવાબ આપણે સમજી શકીએ તેમ છીએ તો પછી આ જીવન પણ એક મુસાફરી નથી ? તેમાં આવતી અગવડ સગવડોમાં અગર મુશ્કેલીઓમાં આપણે શા માટે આનંદ ન માની શકીએ ? આનંદ એ કોઇ નક્કર વસ્તુ નથી, પરંતુ મનની સ્થિતિ છે. જો આપણે બુદ્ધિપૂર્વક વિચારીએ તો આપણે માની લીધેલી સગવડતાઓ અને મુશ્કેલીઓ જ આપણને ખરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપાધ્યાયજીની પાઇય (પ્રાકૃત) કૃતિઓ

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

[1]'ઉપાધ્યાયજી' એટલે ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિ ( વિ. સં. ૧૬૫૦–વિ. સં. ૧૭૪૫). એમણે જે જે કૃતિ રચી તે બધી જ સચવાઈ રહી હોય એમ જણાતું નથી. આગળ વધીને કહું તો એ તમામ કૃતિનાં નામ પણ આજે આપણે જાણતા નથી અને ભવિષ્યમાં કોઈ વિશિષ્ટ સાધન ન મળે તો દિવ્યજ્ઞાનીની સહાયતા વિના અલ્પજ્ઞોથી જાણી શકાવાનાં નથી. આ પરિસ્થિતિમાં હું ઉપાધ્યાયજીની એકે એક પાઈય કૃતિ ગણાવી શકું તેમ નથી. એમની જે કૃતિઓ પાઈયમાં–એના એક પ્રકારરૂપ "જઇણ મરહટ્ઠી" (જૈન મહારાષ્ટ્રી)માં રચાયેલી મળે છે તેની તેમજ જે અનુપલબ્ધ હોવા છતાં જે રચાયાનો પ્રબળ પુરાવો મળે છે તેની સૂચી હું નીચે મુજબ આપું છું.

(૧) **અજ્ઝપ્પમયપરિક્ખા** (અધ્યાત્મમતપરીક્ષા)

(૨) **ઉવએસરહસ્સ** ( ઉપદેશરહસ્ય )

(૩) **કૂવદિટ્ઠન્તવિસઇકરણ**( કૂપદૃષ્ટાન્તવિશદીકરણ)

(૪) **ગુરુતત્તવિણિચ્છિય** ( ગુરુતત્ત્વવિનિશ્ચય )

(૫) **જઇલક્ખણસમુચ્ચય** ( યતિલક્ષણસમુચ્ચય )

(૬) **ધમ્મપરિક્ખા** ( ધર્મપરીક્ષા )

(૭) **ભાસરહસ્સ** ( ભાષારહસ્ય )

(૮) **સામાયારીપયરણ** ( સામાચારીપ્રકરણ )

(૯) **સિરિપુજ્જલેહ** ( શ્રી પૂજ્યલેખ)

આ પૈકી અંતિમ કૃતિ અત્યારે તો અનુપલબ્ધ છે એટલે એને અંગે મુદ્રણ–અમુદ્રણનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. બાકીની તમામ કૃતિઓ મુદ્રિત છે. એનો પણ પરિચય હું આપું તે પૂર્વે એક બાબતનો ઇસારો કરું છું: જે સંસ્કરણો આજે મળે છે તેમાં આધુનિક યુગના માનસની દૃષ્ટિએ કઈ કઈ ન્યૂનતા જણાય છે એનો હું આ લેખમાં અંગૂલીનિર્દેશ કરીશ, પરંતુ એનો અર્થ એ નથી કે હું કોઇને પણ ઉતારી પાડવા માંગું છું. મારો ઈરાદો તો હવે પછીનાં સંસ્કરણો વધારે સમૃદ્ધ અને સાંગોપાંગ કેમ બને તે દર્શાવવાનો છે.

(૧) **અજ્ઝપ્પમયપરિક્ખા**—આ ૧૮૪ પદ્યની 'આર્યા' છંદમાં રચાયેલી કૃતિ છે. એનો મુખ્ય વિષય કેવલીને કવળાહાર હોય છે એ બાબત તેમજ સ્ત્રીની મુક્તિ સિદ્ધ કરવાનો અને એ દ્વારા દિગંબરોનાં એ વિરુદ્ધનાં મંતવ્યનું નિરસન કરવાનો છે.

**સંસ્કૃત છાયા**—પ્રસ્તુત કૃતિની સંસ્કૃતમાં છાયા કરાયેલી છે. તેમ કરનાર ન્યાયાચાર્ય હોય તો ના નહિ. છાયાવાળી પ્રાચીન હાથપોથીઓ તપાસાય તો અથવા

આનંદ આપે છે, માટે આપણે જીવનમાં મુસ્કેલીભર્યાં કાર્યોને મુશ્કેલ નહિ ગણતાં તેમાં બહાદુરીપૂર્વક સફળતા મેળવવામાં જ આનંદ માનવો જોઇએ. આપણે મહાન પુરુષોનાં જીવનચરિત્રોમાં જોઈ શકીએ છીએ ને ખૂબ વાંચન કરીએ છીએ. ત્યાગી, તપસ્વી ચોવીસમા શ્રી મહાવીરસ્વામી ભગવાન જેવા તેઓએ અનેક મુશ્કેલીઓમાં તેમના જીવનધ્યેયો પાર પાડવામાં જ આનંદ માનેલો છે. આનંદ નિર્દોષ ને પવિત્ર હોવો જોઇએ. તે સ્વાર્થી ન હોવો જોઇએ. આપણો આનંદ ઘણાને આનંદ પમાડનારો હોવો જોઇએ. જીવન એ એક આનંદ જ છે. જીવનની દરેક પ્રવૃત્તિ આનંદમય માનવી જોઇએ અને આનંદપૂર્વક જ કરવી જોઇએ. મહાત્માઓનાં જીવનચરિત્રો વાંચીને સાર લઇને જ્યારે આપણે ખરા હૃદયમાં ઉતારીએ ત્યારે ધન્ય જીવન અને આનંદમય હોય છે. ત્યારે જ પવિત્ર જીવન બને છે. એજ.

૧. અજૈન વિદ્વાનો નવ્ય ન્યાયના શ્રી ગણેશ માંડનારા ગંગેશને 'ઉપાધ્યાય' તરીકે સંબોધે છે, અને ઉદયનાચાર્યનો 'આચાર્ય' તરીકે નિર્દેશ કરે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો છાયા કરનાર કોણ છે એ વિષે પ્રામાણિક ઉલ્લેખ કોઈ સ્થળેથી મળી આવે તો આ બાબતનો અંતિમ નિર્ણય થઈ શકે.

**સ્વોપજ્ઞ વૃત્તિ**—ન્યાયાચાર્યે ગદ્યમાં સંસ્કૃતમાં આ વૃત્તિ રચી છે અને એમાં અનેક સાક્ષીપાઠો આપ્યા છે.

**સ્વોપજ્ઞ બાલાવબોધ**—કર્તાએ જાતે ગુજરાતીમાં બાલાવબોધ રચ્યો છે.

**ગુજરાતી અનુવાદ-અજઝપ્પમયપરિક્ખાઓ** ભાવાનુવાદ થયેલો છે.

**પ્રકાશન**—મૂળ કૃતિ વિવિધ સ્થળેથી પ્રકાશિત થયેલી છે. એ તમામની નોંધ આ લેખની મર્યાદા જોતાં અહીં ન લઈ શકાય. વિશેષમાં ન્યાયાચાર્યની તમામ મુદ્રિત કૃતિઓનાં, જોવાજાણવા મળી શક્યાં એટલાં બધાંયે પ્રકાશનોની નોંધ મેં એક સ્વતંત્ર લેખમાં લીધી છે. એથી પણ આ બાબત હું અહીં જતી કરું છું.

**અજઝપ્પમયપરિક્ખા** સંસ્કૃત છાયા અને સ્વોપજ્ઞવૃત્તિ સહિત "દે. લા. જૈ. પુ. સંસ્થા" તરફથી ઈ. સ. ૧૯૧૧માં પ્રકાશિત કરાઈ છે. એમાં એકંદર શુદ્ધિ તો સારા પ્રમાણમાં જળવાઈ છે, પરંતુ એમાં અવતરણોની તેમજ વિશેષ નામોની તથા ગાથાના અકારાદિક્રમપૂર્વકની સૂચી નથી, તો હવે પછીના સંસ્કરણમાં એને સ્થાન અપાય અને વિશિષ્ટ પ્રસ્તાવના પણ લખાય તેવો પ્રબંધ થવો ઘટે. અહીં હું એ ઉમેરીશ કે મૂળ કૃતિ છાયા, સ્વોપજ્ઞ વૃત્તિ તથા બાલાવબોધ તેમજ એની ગુજરાતી વિવેચન સહિત એક જ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થવી ઘટે. અંતમાં પારિભાષિક શબ્દોની સૂચી અપાય અને પાઇય-સંસ્કૃત-ગુજરાતી-કોશની રચના માટે કામ લાગે એ હિસાબે પ્રસ્તુત કૃતિ પૂરતો એવો કોશ પણ તૈયાર કરાય તો એ એક ઉત્તમ અને સાંગોપાંગ પ્રકાશનની ગરજ સારે.

(૨) **ઉવએસરહસ્સ**—આમાં આર્યામાં રચાયેલાં ૨૦૩ પદ્યો છે. આ ઔપદેશિક કૃતિમાં હિંસા, સ્યાદ્વાદ, સદ્‌ગુરુ ઈત્યાદિ વિષે નિરૂપણ છે.

**સ્વોપજ્ઞ વિવરણ**—આ વિવરણ સંસ્કૃતમાં ગદ્યમાં છે.

**પ્રકાશન**—મૂળ કૃતિ ઉપર્યુક્ત વિવરણ સહિત મનસુખભાઈ ભગુભાઈએ વિ. સં. ૧૯૬૭માં પ્રસિદ્ધ કરી છે. એમાં મૂળનાં પદ્યોની અનુક્રમણિકા, અવતરણોની સૂચી તેમજ સંસ્કૃતમાં વિષયસૂચી અપાય છે, પરંતુ કેટલીક વિશિષ્ટ સામગ્રીનો એમાં અભાવ છે. બાકી આ પ્રકાશન ઉપયોગી તો છે જ.

(૩) **કૂવદિટ્ઠન્તવિસઇકરણ**—આ આર્યામાં રચાયેલી કૃતિ આજથી પંદરેક વર્ષ ઉપર તો અપૂર્ણ જ-સાત ગાથા પૂરતી જ મળતી હતી, પરંતુ આજે કેટલીક વખત થયા એ સંપૂર્ણ મળે તો છે. પણ એ પૂરેપૂરી છપાવાઈ હોય એમ જણાતું નથી. એની હાથપોથી જેમની પાસે હોય તેમણે એ સત્વર પ્રસિદ્ધ થાય તેવો પ્રબંધ કરવો ઘટે. દરમ્યાનમાં આ કૃતિમાં એકંદરે કેટલાં પદ્યો છે તે જણાવવા માટે તેઓ કૃપા કરે એમ હું ઈચ્છું છું.

આ કૃતિમાં દ્રવ્યસ્તવને અંગે કૂવાનું જે દૃષ્ટાંત અપાયું છે તેનું વિશદ નિરૂપણ છે-તેની તાર્કિક દૃષ્ટિએ વિચારણા કરાઈ છે.

**તત્ત્વવિવેક**—ઉપર્યુક્ત કૃતિ ઉપર કર્તાએ જાતે સંસ્કૃતમાં ગદ્યમાં આ નામથી વ્યાખ્યા રચી છે. મૂળ કૃતિના સાત પદ્યો પૂરતી આ વ્યાખ્યા એ પદ્યો સહિત "જૈન ગ્રન્થપ્રકાશક સભા" તરફથી વિ. સં. ૧૯૯૭માં છપાવાઈ છે. સાથે સાથે સવિવરણ **ભાસરહસ્ય** વિગેરે કૃતિઓ પણ અપાઈ છે.

પ્રસ્તુત કૃતિને અંગે **તત્ત્વવિવેક** ઉપરાંત સંસ્કૃત કે ગુજરાતીમાં પૂરેપૂરા સ્પષ્ટીકરણરૂપે કોઈ લખાણ પ્રસિદ્ધ થયેલું જણાતું નથી-રચાયું હોય એમ પણ જાણવામાં નથી. આશા છે કે સંપૂર્ણ કૃતિ **તત્ત્વવિવેક** સંપૂર્ણ મળતો હોય તો તે સાથે જ્યારે પ્રસિદ્ધ કરાય ત્યારે એ સંસ્કરણને આદરણીય બનાવવા માટે પૂરતો પ્રયાસ કરાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) **ગુરૂતત્ત્વવિણિચ્છય**—આ આર્યામાં ૯૦૫ પદ્યોમાં રચાયેલી કૃતિ છે. એ સુગુરુ અને કુગુરુના સ્વરૂપ ઉપર વેધક પ્રકાશ પાડે છે. સાથે સાથે વ્યવહારનય અને નિશ્ચય-નય વિષે પણ મનનીય માહિતી પૂરી પાડે છે.

**સ્વોપજ્ઞ વૃત્તિ**—પ્રસ્તુત કૃતિ ઉપર સંસ્કૃતમાં ગદ્યમાં કર્તાએ પોતે વૃત્તિ રચી છે.

**પ્રકાશન**—સવૃત્તિક મૂળ કૃતિ "જૈન આત્માનંદ સભા" તરફથી ઈ. સ. ૧૯૨૫માં છપાવાયેલ છે. એમાં વિષયની ઝાંખી કરાવાઈ છે, પરંતુ પાઇય અને સંસ્કૃતના અલ્પ અભ્યાસીઓને તો ગુજરાતી કે હિન્દીમાં મૂળ કૃતિનું ભાષાંતર અને તે પણ યોગ્ય વિવેચન-પૂર્વકનું મળે તો સંતોષ થાય, આથી આ સભાએ એ માટે ઘટતું કરવા મારી સાદર વિજ્ઞપ્તિ છે.

આ સંસ્કરણમાં મૂળ કૃતિની ગાથાઓની અકારાદિ ક્રમે સૂચી, વૃત્તિગત ગાથાઓની અનુક્રમણિકા, વૃત્તિગત સાક્ષીરૂપ ગ્રંથોની સૂચી, વૃત્તિમાં નિર્દિષ્ટ આચાર્યોના નામો, ગુજરાતીમાં ગ્રંથ અને ગ્રન્થકર્તાનો પરિચય તેમજ ગુજરાતીમાં વિષયાનુક્રમ અપાયાં છે. એને લઈને આ સંસ્કરણ પ્રશંસાપાત્ર બન્યું છે. જો મૂળના નિર્દેશ-પૂર્વક અવતરણો અપાયાં હોત, પ્રસ્તાવના સંસ્કૃતમાં લખાઈ હોત અને પારિભાષિક શબ્દોની તેમજ ઉપર્યુક્ત પાઇય કોશ માટે ઉપયોગી સૂચી અપાઈ હોત તો આ સંસ્કરણના મહત્ત્વમાં નોંધપાત્ર વૃદ્ધિ થાત

(૫) **જઇલકખણસમુચ્ચય**-આ ૨૨૭ પદ્યોની કૃતિ આર્યામાં રચાયેલી છે. એમાં જૈન સાધુઓનાં માર્ગાનુસારી ક્રિયા ઇત્યાદિ સાત લક્ષણોનું નિરૂપણ છે.

**વિવરણ**—આ કૃતિ ઉપર કર્તાએ કે કોઇએ સંસ્કૃતમાં વિવરણ રચ્યાનું જણાતું નથી એટલું જ નહિ પણ આના ઉપર સ્વોપજ્ઞ કે અન્યકર્તૃક બાલાવબોધ કે ગુજરાતી જેવી ભાષામાં ભાષાન્તર પણ નથી. આથી પહેલી તકે એના ઉપર વિવરણ રચાવું જોઇએ અને તેમ ન જ બને તો ગુજરાતી ભાષાંતર તો થવું જ જોઇએ.

**છાયા**—પ્રસ્તુત કૃતિની સંસ્કૃતમાં છાયા રચાઈ છે અને એ છપાવાઈ છે.

**પ્રકાશન**—આ કૃતિ અન્ય નવ મૂળ કૃતિઓ સહિત "શ્રી જૈન ધર્મ પ્રસારક સભા" તરફથી વિ. સં. ૧૯૬૫માં પ્રકાશિત કરાઈ છે. એના ઉપર કોઈ વિશિષ્ટ સંસ્કાર કરાયો નથી કે એને અંગે કોઈ પરિશિષ્ટ રચાયું નથી. આમ હોઈ આ પ્રકાશન તો પ્રસ્તુત કૃતિ અમુદ્રિત દશામાંથી મુદ્રિત દશામાં લાવ્યા પૂરતું છે. જો કે એ એટલું પણ કાર્ય કેટલાએ અન્ય ગ્રંથો અમુદ્રિત અવસ્થામાં જ પડી રહ્યા છે તે દૃષ્ટિએ વિચારતાં અનુમોદનીય છે.

**જઇલકખણસમુચ્ચય**—સંસ્કૃત છાયા તેમજ કયા કયા ગ્રંથની કેટલામી કેટલામી ગાથા ઉધ્ધૃત કરી મૂળ કૃતિ રચાઈ છે તેના નિર્દેશપૂર્વક "જૈ. ગ્રં. પ્ર. સ." તરફથી **માર્ગપરિશુદ્ધિ** ઇત્યાદિ સહિત વિ. સં. ૨૦૦૩માં છપાવાયો છે. એને લઇને આ દ્વિતીય પ્રકાશન પ્રથમ પ્રકાશન કરતાં ચડિયાતું બન્યું છે.

(૬) **ધમ્મપરિકખા**—આમાં ૧૦૪ પદ્યો છે અને એબધાં આર્યામાં છે. આ કૃતિમાં ધર્મની પરીક્ષા, ધર્મના અધિકારી, કેટલીક સાંપ્રદાયિક માન્યતાઓનું નિરસન, ધર્મવાદની ગ્રાહ્યતા ઇત્યાદિ બાબતોને સ્થાન અપાયું છે.

**સંસ્કૃતછાયા**—આ છાયા સંપાદક મહાશયે તૈયાર કરી હશે એમ લાગે છે.

**સ્વોપજ્ઞ વિવરણ**—આ ગદ્યાત્મક સંસ્કૃત વિવરણના કર્તા ગ્રંથકાર પોતે જ છે. એમાં લગભગ સાડી પાંચ સો અવતરણો અપાયાં છે.

**સંસ્કૃતટિપ્પણ**—સ્વોપજ્ઞ વિવરણના શરૂઆતના અંશ ઉપર મુનિશ્રી **શિવાનંદવિજયજી**એ સંસ્કૃતમાં ટિપ્પણ રચ્યું છે અને એ છપાવાયું છે.

**વિચારબિન્દુ**—આ **ધમ્મપરિકખા**નું ગુજરાતીમાં કર્તાએ જાતે રચેલું વાર્તિક છે, એનો કર્તાએ તેમજ અન્ય કોઇએ લખેલી એકેક હાથપોથી ત્રીસેક વર્ષથી મળે છે, આ **વિચારબિન્દુ** જલદી પ્રકાશિત થાય તેવો પ્રબંધ થવો ઘટે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રકાશન**—મૂળ કૃતિ સ્વોપજ્ઞ વિવરણ સહિત "હેમચન્દ્રાચાર્ય સભા" તરફથી વિ. સં. ૧૯૭૮માં પ્રકાશિત કરાઈ છે. ત્યારબાદ વિ. સં. ૧૯૯૮માં આ કૃતિ સ્વોપજ્ઞ વિવરણ, મૂળની ગાથાઓની તેમજ [1]પાઠ્ય અવતરણોની છાયા, શિવાનંદવિજયજીકૃત ટિપ્પણ, ગાથાઓની સૂચી તેમજ સાક્ષીરૂપ ગ્રંથોની [2]કામચલાઉ સૂચી સહિત "જૈ. ગ્રં. પ્ર. સ." તરફથી છપાવાય છે. દ્વિતીય પ્રકાશન પ્રથમ કરતાં અનેક રીતે ઉપયોગી છે.

સ્વોપજ્ઞ વિવરણ આમ જો કે બે વાર પ્રસિદ્ધ થયું છે, છતાં કર્તાએ[3] પૂર્તિરૂપે જે ઉમેરો કર્યો છે તેને લગતી હાથપોથીનો ઉપયોગ કરાવવો બાકી રહે છે, તો હવે પછીના પ્રકાશનમાં એને સ્થાન અપાવું ઘટે.

(૭) **ભાસરહસ્ય**—આમાં જ. મ. માં રચાયેલાં ૧૦૧ પદ્યો છે. આ કૃતિ શ્રમણોની ભાષા કેવી હોવી જોઇએ એ વિષે પૂર્વાચાર્યોએ જે માહિતી આપી છે તેને અહીં સ્થાન અપાયું છે.

છાયા-સંસ્કૃતમાં છાયા રચાઇ છે.

**સ્વોપજ્ઞ વિવરણ**-આ સંસ્કૃત રચનામાં ભાવ-ભાષાના નિરૂપણ પ્રસંગે બૌદ્ધ, વૈશેષિક અને ચાર્વાકનાં મંતવ્યોનું નિરસન કરાયું છે.

**પ્રકાશન**-મૂળકૃતિ સ્વોપજ્ઞ વિવરણ સહિત મનસુખભાઈ ભગુભાઈ તરફથી છપાવાઇ. ત્યારબાદ વિ. સં. ૧૯૯૭માં "જૈ૦ ગ્રં૦ પ્ર૦ સ૦" તરફથી પણ આ મૂળકૃતિ સ્વોપજ્ઞ વિવરણ તેમજ મૂળકૃતિનાં પદ્યોની છાયા સહિત પ્રસિદ્ધ કરાઇ છે. છાયા સંપાદકે તૈયાર કરી હશે એમ લાગે છે.

(૮) **સામાચારી પયરણ**—આમાં ૧૦૧ પદ્યો આર્યામાં છે એ 'ઇચ્છાકાર' ઇત્યાદિ દસ પ્રકારની સામાચારી ઉપર નયપૂર્વકની વિચારણા દ્વારા વેધક પ્રકાશ પડે છે.

**સ્વોપજ્ઞ વિવરણ**-આ સંસ્કૃત વિવરણમાં ૧૮ પદ્યોની પ્રશસ્તિ છે.

**પ્રકાશન**-પ્રસ્તુત કૃતિ સ્વોપજ્ઞ વિવરણ સહિત "જૈ૦ આ૦ સ૦" તરફથી વિ. સં. ૧૯૭૩માં પ્રકાશિત કરાઈ છે. સાથે સાથે એમાં **આરાધક વિરાધક ચતુર્ભંગી** અને એની સ્વોપજ્ઞ ટીકાને પણ સ્થાન અપાયું છે.

(૯) **સિરિપુજ્જલેહ**-આ કૃતિ હજુ સુધી તો પૂરેપૂરી મળી આવી નથી. 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **વીતરાગસ્તોત્ર** રચ્યું છે તેના આઠમા પ્રકાશ ઉપર ન્યાયાચાર્યે **સ્યાદ્વાદરહસ્ય** નામની ત્રણ વૃત્તિઓ રચી છે: (૧) લઘુ, (૨) મધ્યમ અને (૩) બૃહત્. આ પૈકી લઘુ તેમજ બૃહત્ (?) એ બે વૃત્તિમાં પ્રસ્તુત કૃતિની ભલામણ કરાઇ છે. વિશેષમાં એમાં નીચે મુજબનું અવતરણ પણ અપાયું છે.

"**अण्णं घडाउ रूवं ण पुढो त्ति**
**विसारदा ण ववहारो ।**
**भेदो उण पुढत्तं भेज्जदि**
**ववहारबाधेणं ति ॥**"

આ અવતરણનો વિચાર કરતાં **સિરિપુજ્જલેહ** કોઇ દાર્શનિક કૃતિ છે એમ મારું માનવું થાય છે. વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીનો પણ એ જ મત છે એમ **શ્રી યશોવિજય સ્મૃતિગ્રન્થના** એમના આમુખ(પૃ. ૭)ગત નિમ્નલિખિત લખાણ જોતાં જણાય છે:–

"શ્રી પૂજ્ય લેખ એ કોઇ સામાન્ય વિજ્ઞપ્તિલેખ નથી, પરંતુ એ એક દાર્શનિક પદાર્થોની ચર્ચા કરતો પ્રાકૃત ભાષાનો પત્રરૂપ ગ્રંથ જ હતો."

પુણ્યવિજયજીએ આ પ્રમાણે મત તો દર્શાવ્યો છે, પરંતુ એ માટે કોઈ કારણ જણાવ્યું નથી તો હવે તેઓ તેમ કરવા કૃપા કરે.

**સ્વોપજ્ઞ વિવરણ**-પ્રસ્તુત કૃતિ ઉપર ન્યાયાચાર્યે વિવરણ રચ્યું હોય એમ જાણવામાં નથી.

---

૧ કેટલાંક અવતરણો છાયા વિનાનાં જોવાય છે.

૨ 'કામચલાઉ' કહેવાનું કારણ એ છે કે એમાં અકારાદિ ક્રમને સ્થાન અપાયું નથી તેમજ પત્રાંકની નોંધ નથી.

૩ જુઓ **શ્રી યશોવિજય સ્મૃતિગ્રન્થનું** આમુખ (પૃ. ૮).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તારવણી**—ઉપાધ્યાયજીની પાઇય કૃતિઓની ઝાંખી કરાવવા માટે મેં આ રૂપરેખા આલેખી છે[૧] એ ઉપરથી હું નીચે પ્રમાણે મુદ્દાઓ તારવું છું:

(૧) ઉપાધ્યાયજીએ ઓછામાં ઓછી નવ કૃતિઓ જ૦ મ૦ માં રચી છે.

(૨) **સિરિપુજ્જલેહ**—સિવાયની આઠે કૃતિઓ પ્રકાશિત કરાયેલી છે, તેમાં **કૂવદિટ્ઠન્તવિસઇકરણ**-**ની** તો સાત જ ગાથાઓ છપાયેલી જણાય છે.

(૩) પ્રકાશિત સાધનો જોતાં **ગુરૂતત્તવિણિચ્છય** એ સૌથી મોટી કૃતિ છે.

(૪) ઉપાધ્યાયજીએ પાઇય કૃતિઓ આયામાં રચી છે.

(૫) ઉપાધ્યાયજીની પાઇય રચનાઓનું પરિમાણ ઓછામાં ઓછી ૧૮૩૩ (૧૮૪+૨૦૩+૭+૯૦૫+૨૨૭ +૧૦૪+૧૦૧+૧૦૧+૧) ગાથા પૂરતું છે.

(૬) ઉપાધ્યાયજીની નવ પાઇય કૃતિઓ પૈકી **જઇલક્ખણસમુચ્ચય** અને **સિરિપુજ્જલેહ** એ બે જ કૃતિઓ સ્વોપજ્ઞ સંસ્કૃત વિવરણ વિનાની જણાય છે,

(૭) નવ પાઇય કૃતિઓ પૈકી **અજ્ઝપ્પમય-પરિક્ખા** અને **ધમ્મપરિક્ખા** એ બે જ કૃતિઓ સ્વોપજ્ઞ ગુજરાતી બાલાવબોધથી વિભૂષિત છે. **ધમ્મપરિક્ખાનો** બાલાવબોધ અપ્રકાશિત છે.

(૮) સંસ્કૃત વિવરણો તેમજ ગુજરાતી બાલાવ-બોધો જે ઉપાધ્યાયજીએ રચ્યાં છે તે પૈકી **તત્વવિવેક** એ સંસ્કૃત વિવરણોમાં અને **વિચારબિન્દુ** સ્વોપજ્ઞ બાલાવબોધોમાં વિશિષ્ટ નામને લઇને જુદી ભાત પાડે છે-આગળ તરી આવે છે.

(૯) નિમ્ન લિખિત ચાર જ કૃતિઓની છાયા રચાઇ છે અને એ છપાવાઇ પણ છે :—

(અ) **અજ્ઝપ્પમયપરિક્ખા**

(આ) જઇલક્ખણસમુચ્ચય

(ઇ) **ધમ્મપરિક્ખા**

(ઈ) **ભાસરહસ્સ**

આથી જોઈ શકાય છે કે બીજી ચાર કૃતિઓ ઉપલબ્ધ હોવા છતાં એની છાયા રચાઇ નથી. જો તેમજ હોય તો કાર્ય હાથ ધરાવું જોઇએ. ખાસ કરીને **ગુરૂતત્ત-વિણિચ્છયની** તો સંસ્કૃત છાયા પહેલી તકે તૈયાર કરાવાય અને મૂળ સહિત એ છપાવાય એવો પ્રબંધ થવો ઘટે, તેમ થાય તો એને પાઠ્ય પુસ્તક તરીકે સ્થાન મળે એવો સંભવ છે.

(૧૦) **અજ્ઝપ્પમયપરિક્ખા** સિવાયની એકે કૃતિનો ગુજરાતીમાં અનુવાદ થયો હોય અને એ છપા-વાયો હોય એમ જોવા કે જાણવામાં નથી.

(૧૧) ઉપર્યુક્ત નવ કૃતિઓ પૈકી મોટા ભાગની કૃતિઓ જીવનશોધન માટે ઉપયોગી છે.

૧ વિશેષ માહિતી મેં **યશોદોહનમાં** આપી છે.


संत्यज्य शूर्पवत् दोषान् गुणान् गृह्णाति पंडितः ।
दोषग्राही गुणत्यागी पल्लोलीव हिं दुर्जनः ॥

(સોરઠો)

શોધી લે છે સાર, સુપડા સમ સજ્જન સદા;
મૂર્ખો ગ્રહે અસાર, સાર ત્યજી ચારણી પેઠે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માનસિક મિત્રો અને શત્રુઓ

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ

( ગતાંક પૃષ્ઠ ૭૬થી શરૂ )

**જો** તમે ભયના વિચારો, ચિંતાના વિચારો અને માંદગીના વિચારોરૂપી શત્રુઓને તમારા મનમંદિરમાંથી થોડો પણ સમય દૂર રાખશો તો તેઓ તમને સદાને માટે તજી દેશે એ નિઃસંદેહ છે; પણ જો તમે તેઓનું સેવન કરશો, તેમને પોષણ આપશો તો તેઓ અધિક પોષણ અને ઉત્તેજનને માટે પુનઃ આવશે. તમારા મનમંદિરનું દ્વાર તેઓને માટે બંધ રાખવું એ જ તેઓથી વિમુખ થવાનો અમોઘ ઉપાય છે. તેઓની સાથે કંઈ સંબંધ ન રાખો, તેઓને ભૂલી જાઓ, અને તેઓને દૂર કરો. જ્યારે સંયોગો પ્રતિકૂળ હોય ત્યારે પેલા વચન ન ઉચ્ચારો કે 'મારું ભાગ્ય જ એવું છે, હમેશાં હું ઉપાધિમાં જ આવી પડું છું. હું જાણતો હતો કે તે એમ જ બનશે, અને એમ જ બન્યું !' આમ પોતાની દયા ખાવી અને નબળું મન રાખવું એ ઘણી જોખમભરેલી ટેવ છે. મનને કેવળ વિશુદ્ધ અને નિર્મળ રાખવાનું કાર્ય અતિ દુષ્કર નથી. ભૂતકાળની દુઃખદ ઘટનાઓ અને શોકપ્રદ અનુભવોને મનમાંથી ભૂંસી નાખવાનું કાર્ય તમે ધારો છો તેવું અતિ કઠિન નથી. જે બાબતોએ તમને દુઃખી કર્યા છે તે બાબતોને વિસરી જવાનો તમે નિશ્ચય કરશો અને એ નિશ્ચય અમલમાં મૂકશો કે તરત જ જે શાંતિ અને સુખનો તમને અનુભવ થવાનો એ અત્યારે તમારા વિચારમર્યાદામાં પણ આવી શકે તેમ નથી. તમારા દોષો અને દૂષણો ભૂંસી નાખો, ભૂંસી નાખો, ભૂલી જાઓ અને તેઓને ફરી કદિ પણ પોષવા નહિ એવો દૃઢ નિશ્ચય કરો.

અલબત્ત, એ ખરું છે કે આ વાત પહેલે જ વિચારે સિદ્ધ થઈ શકે તેવી નથી, તો પણ આગ્રહ અને નિશ્ચયપૂર્વક સતત પ્રયાસ કરવાથી માણસ આમાંનાં ઘણાખરા શત્રુઓનો ઉચ્છેદ કરી શકે અને સદા સારા, આનંદી અને આશાના વિચારોથી ભરવું તે કડવા અને દુઃખદાયી અનુભવોને મનમાંથી દૂર કરવાનો ઉત્તમોત્તમ ઉપાય છે.

અન્ય વસ્તુઓની માફક વિચારો પણ સજાતીય વસ્તુઓને આકર્ષે છે. જે વિચારો મનમાં પ્રધાનપણે પ્રવર્તે છે તે વિચારો પોતાના વિજાતીયને હાંકી કાઢે છે. નિકૃષ્ટતાને ઉત્કૃષ્ટતા હાંકી કાઢશે. નિરાશાને આશા હાંકી શકશે. મનને પ્રેમના પ્રકાશથી ભરો એટલે અસૂયા અને તિરસ્કાર આપોઆપ પલાયન થઈ જશે. પ્રેમનો પ્રકાશ પ્રસરેલો હોય છે ત્યાં આ શ્યામ આકૃતિઓ એક ક્ષણવાર પણ ટકી શકશે નહિ. **સદ્વિચારો, ઉદાર વિચારો, દયાના વિચારો, પ્રેમના વિચારો અને આરોગ્યના વિચારોથી મનને સર્વદા ભરેલું રાખો.** એટલે સર્વ વિરોધી વિચારો સત્વર ચાલ્યા જશે. બે વિરુદ્ધ પક્ષના વિચારોનું અસ્તિત્વ એકી વખતે મનમાં હોઈ શકે નહિ. **અસદ્વિચારોનું ઔષધ સદ્વિચારો જ છે.**

ભિન્ન ભિન્ન પ્રકારના વિચારોનું કેવું પ્રાબલ્ય છે તેની તુલના કરવાને ઘણાખરા લોકો અસમર્થ હોય છે. એક આનંદી અને ઉત્કૃષ્ટ વિચાર આપણને કેવા પ્રફુલ્લ અને સતેજ કરે છે તે સૌ કોઈ જાણે છે. તે વિચારથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદ અને પ્રસન્નતા વિજળીની માફક સર્વત્ર વ્યાપી રહે છે. આવો વિચાર નવીન આશા, હિંમત અને જીવનનો નવીન પટ ઉત્પન્ન કરે છે.

જે માણસ સદ્વિચારોનું સેવન કરે છે તે નિરાશાને બદલે આશાનો અનુભવ કરે છે, ભીરુતાને બદલે હિંમતનો અનુભવ કરે છે અને શંકા કે અનિશ્ચિતતાને બદલે દૃઢતા અને નિશ્ચય જ અનુભવે છે. વળી જે માણસ આશાજનક, પ્રોત્સાહક, અને ઉત્કૃષ્ટ વિચારોરૂપી મિત્રોને મનમાં નિવાસ આપીને પોતાના વિજયના શત્રુઓને દૂર રાખી શકે છે તે શંકા અને નિરાશાના ગુલામ બનેલા પર અતુલ સત્તા ભોગવે છે. આવા માણસોને દરેક કાર્ય નિરંકુશ પ્રકૃતિવાળા માણસને સાધ્ય હોય તે કરતાં વધારે સહેલાઇથી સાધ્ય હોય છે. જે પ્રમાણમાં આ માનસિક શત્રુઓને મનમંદિરમાંથી દૂર રાખી શકીએ તેના પર આપણા જીવનના મૂલ્યનો આધાર રહેલો છે.

તમે એમ ખાતરીપૂર્વક ન જ કહી શકો કે તમે પૂર્ણતા, પ્રેમ, સૌંદર્ય અને સત્યની મૂર્તિ છો અને તેથી તે તે ગુણો જ પ્રદર્શિત કરવાનું તમારે માટે નિમત કરવામાં આવ્યું છે, તેથી તમે પોતાની જાતને કહો કે "જ્યારે જ્યારે તિરસ્કાર, દ્વેષ, વેરભાવ, નિરુત્સાહ અને સ્વાર્થના વિચારો મારા મનમાં આવે છે ત્યારે ત્યારે હું મને પોતાને અત્યંત હાનિ પહોંચાડું છું. મેં મારા પોતાના પર એવો કારી ઘા માર્યો છે કે જે મારાં માનસિક શાંતિ, સુખ અને આનંદ નૈપુણ્યાદિનો વિનાશક છે. આ સઘળા વિચારશત્રુઓ મારી જીવનપ્રગતિને અટકાવી દે છે, તેમના વિરોધીઓથી મારે સત્વર તેનો નાશ કરવો જોઇએ."

તે વિચાર ભયનો હોય, ચિંતાનો હોય, ઈર્ષાનો હોય, સ્વાર્થનો હોય, ગમે તે હોય તો પણ જે કંઇ જીવનના સૌંદર્યને અને સૌષ્ઠવને દૂષિત કરે છે તેને નાશકારક શત્રુની માફક હાંકી કાઢવા જોઇએ. ઉપાધિ, ચિંતા, ઇર્ષા અને ખરાબ સ્વભાવ–આ સર્વ રોગી મનનાં જ ચિહ્નો છે. કોઇ પણ પ્રકારનું દુઃખ અથવા વૈષમ્ય એમ સાબિત કરે છે કે તમારું મન કલુષિત છે.

યોગ્ય સમય આવશે ત્યારે આપણને પ્રત્યક્ષ થશે કે અલ્પ સમય સુધી પણ આવી ગયેલા પ્રત્યેક ક્રોધના આવેશની, તિરસ્કાર અને વૈરના વિચારોના પ્રત્યેક સ્પર્શની તથા સ્વાર્થ, ભય, ઉપાધિ, ચિંતા, આદિના પ્રત્યેક આંદોલનની સચોટ છાપ જીવનમાં પડે છે અને પ્રાણઘાતક બને છે, જ્યારે તમે ઉપાધિ, ચિંતા, ક્રોધ, વૈર અથવા ઇર્ષાથી કલુષિત હશો ત્યારે તમારા જાણવામાં આવશે કે આ વસ્તુઓ તમારી શક્તિને હરી લે છે. અને તમારા જીવનતત્ત્વને નષ્ટ કરે છે. આ નાશથી કોઇ જાતનું સારું પરિણામ આવતું નથી, એટલું જ નહિ પણ એ નાજુક મનોયંત્રને અવ્યવસ્થિત કરી મૂકે છે, જેથી વૃદ્ધાવસ્થા વહેલી આવે છે અને જિંદગી ટૂંકી બને છે. ઉપાધિના વિચારો, ભયના વિચારો, સ્વાર્થી વિચારો લોહીને અને મગજને વિષમય કરે છે, 'નૈપુણ્યનો નાશ કરે છે.' આનાથી વિરુદ્ધ વિચારો એથી વિરુદ્ધ પરિણામ નીપજાવે છે. તેઓ શાંતિ આપે છે, નૈપુણ્ય વધારે છે, અને માનસિક પ્રતિભાશક્તિ ખીલવે છે. ફક્ત પાંચ મિનિટ પણ સેવેલા ક્રોધના વિચારથી શરીરના જુદા જુદા નાજુક ભાગો પર એટલી બધી ખરાબ અસર થાય છે કે જેને અસલ સ્થિતિમાં આવતા અઠવાડિયાં અથવા મહિનાઓ પસાર થઇ જાય છે. એકાદ ભયકારક ઘટના ઉપસ્થિત થવાથી વાળનો રંગ સદાને માટે સફેદ થઇ જાય છે અને ચહેરા ઉપર વૃદ્ધાવસ્થાના ચિહ્નો ઉત્પન્ન થાય છે, તેથી જ્યારે સંપૂર્ણ રીતે આપણા સમજવામાં આવે છે કે આ અધમવૃત્તિ અને આ વિકારો આપણને અશક્ત બનાવે છે, આપણને નીતિમાર્ગથી ચ્યુત કરે છે, આપણા મનોરાજ્યમાં મહાન ઉત્પાત અને અનર્થ કરે છે, અને શરીરમાં ભયંકર દુઃખ અને પીડા ઉપજાવે છે ત્યારે જેવી રીતે આપણે શારીરિક રોગથી બચવા યત્ન કરીએ છીએ તેવી રીતે તેનાથી બચવાનો યત્ન શરૂ કરશું.

For Private And Personal Use Only

જેમ અંધકાર કોઈ ભાવ વસ્તુ નથી, પરંતુ પ્રકાશનો-તેજનો અભાવ છે તેમ જે સઘળું આપણને વિષમ જણાય છે તે અલૌકિક ઐક્ય અથવા સાદૃશ્યનો અભાવ માત્ર છે.

બીજા માણસો તરફ રાખવામાં આવતાં સ્નેહ, દયા, અમીદૃષ્ટિ આદિ સર્વ આપણા મનની અંદર ઉચ્ચતમ લાગણીઓને અને વૃત્તિઓને પેદા કરે છે. તેઓ આપણને આરોગ્ય, શક્તિ, ઉન્નતિ વગેરે બક્ષે છે અને આપણને અનંત શક્તિ સાથે તન્મય બનવાને શક્તિમાન કરે છે.

જો આપણે મનનું સમતોલપણું જાળવી રાખી અસદ્‌વિચારોરૂપી દુષ્ટ માનસિક શત્રુઓને દૂર રાખી શકીએ તો આપણે વૈજ્ઞાનિક નિયમ અનુસાર જીવન વહન કર્યું છે એમ કહી શકાય. સારી રીતે વિકાસ પામેલું મન કોઇ પણ અવસ્થામાં એકતાલ ધ્વનિ ઉત્પન્ન કરવાને સમર્થ છે.

પ્રત્યેક મનુષ્ય પોતાની સૃષ્ટિ અને વાતાવરણ રચે છે. આ વાતાવરણને તે મુશ્કેલીઓથી, ભયથી, શંકાથી, નિરાશાથી કે ગ્લાનિથી ભરી શકે છે કે જેથી આખી જિંદગી દુ:ખમાં અને દિલગીરીમાં જ વહી જાય; અથવા તો ગ્લાનિ, ઇર્ષા અને દ્વેષના વિચારોને દૂર રાખીને સ્વરચિત વાતાવરણને સ્વચ્છ અને સુખપ્રદ બનાવી શકે છે.


સદ્‌વિચારોનું જ નિરંતર સેવન કરો કે જેથી કરીને અસદ્‌વિચારો તત્કાળ અદૃશ્ય થઇ જાશે. સૂર્યનો પ્રકાશ જ્વલંત હોય ત્યારે અંધકાર સંભવે જ નહિ-ક્યાંય પ્રવેશી શકે જ નહિ. જો તમે આગ્રહપૂર્વક તમારા મનમંદિરમાં ઐક્યને સ્થાન આપશો તો ત્યાં વૈષમ્ય પ્રવેશ કરે તે વાત અસંભવિત છે. અને જો તમે સદા સત્યનું જ અવલંબન રાખશો તો અસત્ય સત્વર પલાયન થઈ જશે.

यावत्स्वस्थमिदं शरीरमरुजं यावज्जरा दूरतो
यावच्चेंद्रियशक्तिरप्रतिहता यावत् क्षयो नायुषः ।
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्
संदीप्ते भवने प्रकूपखननं प्रत्युद्यमः कीदृशः ॥

( છાયા )

જ્યાં સુધી છે સ્વસ્થ શરીર યા સાજું તાજું,
જ્યાં સુધી છે દૂર જરાનું બહુ દુઃખ ઝાઝું;
જ્યાં સુધી છે સર્વ ઇન્દ્રિયો શક્તિવાળી,
ત્યાં સુધી આયુષ્યતણી અવધિ નથી ભાળી;
આત્મકલ્યાણ સમજુ જનો ત્યાં સુધી સાધી લીયે,
આગ લાગે કૂપ ખોદવો-ઉદ્યમ અન્ય અવળો કીયો ?

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અલ્પતામાં જ પ્રભુતા વસે છે

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

હરેક માનવે એ ધ્યાનમાં રાખવું જોઇએ કે, પોતે અલ્પ છે, અત્યલ્પ છે અને નાનો છે. કારણ એને પૂર્ણતા મેળવવા માટે હજુ ઘણું મેળવવાનું છે. પૂર્ણતા આવતાં સુધી ઘણો પ્રવાસ ખેડવાનો છે. ઘણા નદી-નાલાઓ ઓળંગવાના છે. તેમ ઘણા ટેકરાઓ અને ઘણા પર્વતો વટાવવાના છે. ઘણા વાઘ, વરૂઓ રસ્તામાં આડા આવવાના છે અને ઘણા સાપ વીંછીઓનો પણ ભેટો થવાનો છે. ઘણા કાંટા રસ્તામાં પાથરેલા વટાવવા પડશે, તેમ દાવાનળોની અંદર થઇને રસ્તો શોધવો પડશે. ચોર ડાકુઓનો પણ સમાગમ થવાનો છે. એ બધું જ્યારે યથાસાંગ પૂરૂં થશે, ત્યારે જ પ્રભુતાનો માર્ગ સીધો જોવામાં આવશે. એ પૂરું ધ્યાનમાં રાખવું પડશે.

ઊંચા વૃક્ષોને જોરનો પવન સહન કરવો પડે છે ત્યારે વાના છોડવાઓ અને તૃણો સ્હેજે બચી જાય છે. તેમ આપણને ઝંઝાવાતથી બચવું હોય તો નમ્ર થવું પડશે. નાના થવું પડશે. એમ કરીને જ આપણે પ્રભુતા પામી શકીએ તેમ છીએ.

જરા જેવું જ્ઞાન પ્રાપ્ત થાય છે કે જરા જેવું ધન મળી જાય છે ત્યારે માણસ ફુલાય છે. પોતાની સાચી સ્થિતિનું એ ભાન ભૂલી બેસે છે, અને તેથી તેની શક્તિ રૂંધાઇ જાય છે. અને એની પ્રગતિ થંભી જાય છે. એ પોતાને મોટો માનવા લાગે છે અને સત્ય રીતે નાનો એટલે તુચ્છ થવા માંડે છે. નાનો છું એમ સાચા અંતઃકરણથી માને છે, તેને મોટાઇ સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય છે. મોટાઈ કે પ્રતિષ્ઠા મેળવવા માટે ખાસ પ્રયત્ન કરવની જરૂર હોતી નથી. જે પોતાને નાનો માને છે, તેની સામે મોટાઇ ચાલી આવે છે. પણ જે પોતાને ઊંચો, મોટો અને જ્ઞાની કે પંડિત માને છે તેને ઊંચે ચઢવાનું સૂઝતું જ નથી. તેની પ્રગતિનો અંત જ આવી જાય છે. જગતમાં જેટલા ધર્મજ્ઞાની થયા, જેટલા ધર્મપ્રવર્તકો થયા, શ્રીમાનો થયા કે રાજસત્તાધારીઓ થયા તેઓ પોતાની નમ્ર ભાવનાથી જ લોકનાયકો કે નામવંતો થયા. અને તેમની જ કીર્તિ ઇતિહાસ ઉચ્ચ સ્વરે ગાય છે. એમના જ આદર્શો જગતમાં આદરણીય ગણાયા છે. તેમના માર્ગે જ ચાલવાનું લોકો પસંદ કરે છે. જેઓ મોટાઇ મેળવીને પણ ઉદ્ધત રહ્યા, પોતાને ઊંચા અને મોટા માનતા રહ્યા તેમની કીર્તિ ઇતિહાસે ભૂંસી નાખી છે. અગર અપકીર્તિરૂપે જીવતી રાખી છે. રામાયણ રચાયું છે અને રામની યશોગાથા હજુ ગવાય છે. પણ રાવણાયન કોઈએ રચ્યું નથી. રાવણની નામના રહી પણ એ અપકીર્તિરૂપે જ રહી છે. પાંડવો સત્યને અનુસર્યા, દુઃખ ભોગવીને પણ પોતાની નમ્રતાને અને ધર્મપરાયણતાને વળગી રહ્યા તો તેમની યશોગાથા હજુ પણ ગવાય છે. કૌરવો સત્તાધારી અને પરાક્રમી પણ હતા. છતાં તેમની ઉદ્ધતાઇએ તેમની અપકીર્તિ હજુ સુધી ટકાવી રાખી છે. પ્રભુ મહાવીરના મૌલિક પ્રવચનો અને સત્યાર્થવાહી શબ્દસમુચ્ચયો હજુ લોકો સંભારે છે. એટલું જ નહીં પણ તેમાં રહેલું ગૂઢ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહસ્ય હજુ પણ જાણવા માટે પોતાનું બુદ્ધિકૌશલ્ય બતાવે છે. તેમ જ તેમના શબ્દોની મૌલિકતા કાવ્યમાં ગૂંથી જનસમૂહ આગળ પીરસવામાં સંત મહાત્માઓને આનંદ આવે છે. તેમ જ કવિજનોને તેમની ભાવના કાવ્યમાં ગૂંથી લેવામાં પરમાનંદ મળે છે. એટલું જ નહીં પણ અનેક સહસ્ત્ર વર્ષો વીતી ગયા છતાં તેમની સ્તુતિ કરવામાં કવિજનો થાકતા નથી. ત્યારે મંખલીપુત્ર ગોશાલકનું નામ તુચ્છતાથી લેવામાં આવે છે. એ ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે, લઘુતામાં જ પ્રભુતા છુપાઈ રહેલી છે, પ્રભુતાની પછવાડે દોડવાથી પ્રભુતા તો મળતી જ નથી પણ ઉલટી લઘુતા જ વધુ પ્રમાણમાં નજીક આવતી રહે છે.

સંસારમાં આપણે જેટલી સિદ્ધિઓ મેળવેલી હોય છે તે કરતાં અનંતગણી સિદ્ધિઓ આપણને મેળવવાની બાકી રહેલી છે. એક દૃષ્ટિથી જોતાં એ બાબતમાં આપણે તદ્દન બાલવર્ગમાં પણ ખપીશું કે નહીં તે પણ સંશયાસ્પદ છે. સંપૂર્ણ નિર્દોષ થઇશું ત્યારે જ આપણે પ્રભુતાની નજીકમાં આવ્યા એમ ગણાશે. એ દૃષ્ટિથી જોતાં આપણો અનુક્રમ ક્યાં છે તેનો આપણે વિચાર કરતાં એમ સ્પષ્ટ અનુભવમાં આવશે કે એક પર્વતની આગળ એક અણુ જેટલી પણ આપણી લાયકી હજુ થઇ નથી. ત્યારે આપણને વડાઇના વિચારો મનમાં લાવવાનો શો અધિકાર છે? ઘણી વખત એમ પણ બની જાય છે કે, જેને આપણે તુચ્છ અને હલકા ગણતા હોઇએ છીએ તેઓ આપણા કરતાં થોડા જ કાળમાં ખૂબ વધી ગએલા જણાય છે. એ ઉપરથી આપણે કોઇને હલકા કે નાના ગણવાનો અધિકાર પહોંચતો નથી. ઊલટા આપણે જ ઘણી વખત નાના ગણાઈએ તેવા હોઇએ છીએ.

ઉપરનું વિવેચન સિદ્ધ કરવા માટે આપણે એક દૃષ્ટાંત આપણી નજર સામે મૂકવા જેવો છે તે હવે વિચારીએ.

એક સાધુ હતા. તેમનો શિષ્ય ભિક્ષાર્થે નગરમાં જઇ રહેલો હતો. એની નજર સામે એક દૃશ્ય જોવામાં આવ્યું. એક કસાઇની પાસે એક ગાય બાંધેલી હતી. અને કસાઇ છરી સરાણ ઉપર ઘસી રહેલો હતો અને વારંવાર છરીની ધાર તપાસી રહેલો હતો. શિષ્યની ખાત્રી થઇ કે એ કસાઇ ક્ષણવારમાં એ ગાયને મારી નાખશે. કેવો દુષ્ટ એ ચાંડાલ છે! એ પાપીને પોતાના એ ક્રૂર કામ માટે જરા પણ દયા નથી. એ નારકીનું આયુષ્ય બાંધી રહ્યો છે. મહાપાપી અને ચાંડાલ છે. શિષ્યના રોમરોમમાં કમકમાટી ઊપજી. એ કસાઈ માટે એના મનમાં ભયંકર તિરસ્કાર અને ઘૃણાના વિચારો જાગ્યા. એ પોતાનું ભિક્ષાનું કાર્ય ભૂલી ગયો અને પાછળ ફરી ગુરુની પાસે પાછો આવ્યો. ભિક્ષાપાત્રો લઈ ગયો હતો તેવા જ ઠાલા ગુરુ પાસે મૂકી દીધા. ગુરુએ પૂછ્યું કેમ ભિક્ષા ન મળી? ત્યારે શિષ્યે પોતાનો પેલો કસાઈનો વૃત્તાંત કહી સંભળાવ્યો. પેલા કસાઇની ખૂબ નિંદા કરી અને કહ્યું કે, એ દુષ્ટ પાપીના કૃત્યથી મને ખાવું અને પીવું ગમ્યું નહીં. ખૂબ દુઃખ થયું તેથી હું ભિક્ષા લેવા આગળ વધી શક્યો જ નહીં. એ ચાંડાલનું દુષ્ટ કૃત્ય મારી નજર સામેથી ખસતું જ નથી. આજે તો હું ઉપવાસ જ કરીશ. શિષ્યના આવા વિચારો સાંભળી ગુરુએ જવાબ આપ્યો-ભો મહાનુભાવ! આપણાથી એમ બોલાય નહીં. એવો વિચાર પણ કરવો આપણા માટે ઉચિત નથી. કોઇની પણ નિંદા કે ઘૃણા કરવી એ આપણો ધર્મ નથી. આપણે તો સમાન ભાવના જ રાખવાની હોય. જરૂર પડે ત્યારે આપણે કારુણ્ય ભાવના જ ભાવવાની હોય. આપણે બીજાની મનોગત ભાવના પૂરી જાણી શકીએ તેમ ન હોવાથી આપણે એકાંતિક ભાવના રાખવી ઉચિત ન કહેવાય. વિશેષે કરીને સાધુએ તો પોતાના મન ઉપર અંકુશ મૂકી શાંતિ જ ધારણ કરવી રહી. કોઇના માટે આપણે દ્વેષ રાખી શકાય નહીં. આપણે જબરદસ્તી કરી અન્યને ધર્મ પમાડવા જઇએ ત્યારે આપણે જ મૂર્ખ બનીએ, માટે જ તમે જે વિચાર કર્યો છે તે યોગ્ય નથી. વિચારતરંગો ક્ષણે ક્ષણે પલટાતા જાય છે અને પાપ પુણ્યના બંધો વારંવાર પલટા ખાતા જાય છે, માટે આપણાથી આવી ખોટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભ. મહાવીરનું અનંતવીર્ય—આત્મચર્યા અને ઉપદેશ

તે જિન–વર્ધમાનાદિ સત્પુરુષો કેવા મહાન મનોજયી હતા! તેને મૌન રહેવું અમૌન રહેવું બંને સુલભ હતું; તેને અનુકૂળ–પ્રતિકૂળ દિવસ સરખા હતા, તેને લાભ–હાનિ સરખી હતી, તેનો ક્રમ માત્ર આત્મસમતાર્થે હતો. કેવું આશ્ચર્યકારક કે, એક કલ્પનાનો જય એક કલ્પે થવો દુર્લભ, તેવી તેમણે અનંત કલ્પનાઓ કલ્પના અનંતમાં ભાગે સમાવી દીધી! (પત્રાંક ૫૪)

હે ગૌતમ! તે કાળ અને તે સમયમાં છદ્મસ્થ અવસ્થાએ હું એકાદશ વર્ષની પર્યાયે છઠ્ઠે છઠ્ઠે (અઠ્ઠમે) સાવધાનપણે, નિરંતર તપશ્ચર્યા અને સંયમથી આત્મતા ભાવતાં પૂર્વાનુપૂર્વીએ ચાલતાં, એક ગામથી બીજે ગામ જતાં, જ્યાં સુષુમાપુરનગર, જ્યાં અશોક વનખંડ બાગ, જ્યાં અશોકવર પાદપ, જ્યાં પૃથ્વીશિલાપટ્ટ ત્યાં આવ્યો; આવીને અશોકવર પાદપની નીચે, પૃથ્વીશિલાપટ્ટ પર અષ્ટમભક્ત ગ્રહણ કરીને બંને પગ સંકોચીને, લાંબા કર કરીને એક *પુદ્ગલમાં દૃષ્ટિ અડગ સ્થાપીને, અનિમેષ નયનથી જરા નીચું આગળ મુખ રાખીને, યોગની સમાધિથી, સર્વ ઇંદ્રિયો ગુપ્ત કરીને, એક રાત્રિની મહાપ્રતિમા ધારણ કરીને વિચરતો હતો. (ચમર) (પત્રાંક ૭૧)

શ્રી વર્ધમાનસ્વામીએ ગૃહવાસમાં પણ આ સર્વ વ્યવસાય અસાર છે, કર્તવ્યરૂપ નથી, એમ જાણ્યું હતું. તેમ છતાં તે ગૃહવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી, તે મુનિપણામાં પણ આત્મબળે સમર્થ

* સરખાવો–ध्यायेत् शुक्लमथ क्षान्ति-
मृदुत्वार्जवमुक्तिभिः ।
छद्मस्थोऽणौ मनो धृत्वा,
व्यपनीय मनो जिनः (પૂ. ઉ. અ–સાર)

---

ભાવના એકાંતે કરવી ઉચિત નથી. ગુરુમહારાજ આમ શિષ્યને ઉપદેશ દેતા હતા એટલામાં ગુરુમહારાજને દેવદુંદુભીનો મધુર ધ્વનિ સંભળાયો. ગુરુમહારાજ જ્ઞાની હોવાથી તેમણે તરત જ જ્ઞાનનો ઉપયોગ મૂક્યો. તેઓએ જાણી લીધું કે પેલો ગાયને મારવા સજ્જ થયેલો કસાઇ સ્વર્ગમાં ગયો! ત્યારે તેમણે શિષ્યને સમજાવ્યું કે, જો તેં જેની નિંદા કરી તે કસાઇનો જીવ દેવલોકમાં જઈ અવતર્યો છે. આ સાંભળી શિષ્ય તો આભો જ બની ગયો! શિષ્યે ગુરુ મહારાજને પૂછ્યું. ગુરુમહારાજ! આ ઘટના કેવી રીતે બની તે મને સમજાવો. એ પાછળ રહેલું રહસ્ય જાણી લેવાની મને ઘણી જિજ્ઞાસા જાગી છે. ગુરુ મહારાજે શાંતિથી એ ઘટનાનું રહસ્ય સમજાવ્યું. તેમણે કહ્યું ભો! મહાનુભાવ! એ કસાઇની ભાવના એ જ્યારે છરી ઘસતો હતો ત્યારે જો એનું મૃત્યુ થાત તો એના માટે નરક સિવાય બીજું સ્થાન હતું નહીં. પણ વારંવાર છરીની ધાર એ તપાસતો હતો એવામાં એની આંગળીના સૂક્ષ્મ ભાગ ઉપર એ છરીએ ઘા કર્યો. લોહી વહેવા માંડ્યું. ભયંકર વેદના થવા માંડી. એ સહન થાય તેવી હતી નહીં. કસાઇના મનમાં અકસ્માત એવો વિચાર જાગ્યો કે, મને શરીરના નાના ભાગમાં આઘાત થયો તેથી મને આટલું દુઃખ થાય છે, ત્યારે આ ગાયનું તો હું ગળું કાપીશ ત્યારે એને કેટલી વેદના થવાની? અહો! આ કેવું દુષ્ટપણું? આમ તો મેં કેટલાએ પ્રાણીઓની હત્યા કરી છે. કેટલાએ મૂંગા પ્રાણીઓના શાપ ભેગા કર્યા છે. મારું શું થવાનું છે! હું આટલું પાપ શી રીતે છોડાવી શકીશ? મારો ઉદ્ધાર કોણ કરશે? હું ક્યારે આ પાપથી મુક્ત થઇશ? ધિક્કાર હો મને. મારા જેવો પાપી આ દુનિયામાં બીજો નહીં જ હોય. આમ વિચાર ચાલતો હતો અને લોહી વહે જતું હતું એવામાં એને મૂર્છા આવી અને પ્રાણ શરીરથી જુદા થઈ નીકળી ગયા એના વિચાર પલટાયા, તેની પરિણતીમાં પલટે આવી ગયો અને એ નરકને બદલે દેવલોકમાં ગયો! માટે જ મેં કહ્યું કે, આપણે કોઇ જીવ માટે એકાંતે વિચાર બાંધી લેવા ઉચિત નથી.

આ દૃષ્ટાંતમાંથી જ્ઞાની તેમ જ અજ્ઞાનીઓને પણ ઘણું જાણવા જેવું મળી આવે તેમ છે. માટે જ અમો કહીએ છીએ કે. નમ્રતા અને લઘુપણામાં જ પ્રભુતા સમાયેલી છે. એકાંતે કોઇના માટે કોઇ પણ જાતનો પૂર્વગ્રહ નહીં બાંધી લેતાં સરળતા અને નમ્રતા ધારણ કરવી એ આપણા માટે ઉચિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે એમ જાણી મૌનપણું અને અનિદ્રાપણું સાડાબાર વર્ષ લગભગ ભજ્યું છે, કે જેથી વ્યવસાયરૂપ અગ્નિ તો પ્રાયે થઈ શકે નહિ.

જે વર્ધમાનસ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા, અવ્યવસાયી જેવા હતા, નિસ્પૃહ હતા અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાનસ્વામી સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને–નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા; તે વ્યવસાય બીજા જીવે કરી ક્યા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારવા યોગ્ય છે. —પત્રાંક ૪૨૭

શ્રીમાન મહાવીરસ્વામી જેવાએ અપ્રસિદ્ધ પદ રાખી ગૃહવાસ વેદ્યો–ગૃહપાસથી નિવૃત્ત થયે પણ સાડાબાર વર્ષ જેવા દીર્ઘકાળ સુધી મૌન આચર્યું, નિદ્રા તજી, વિષમ પરિષહ સહ્યા એનો હેતુ શો ? અને આ જીવ આમ વર્તે છે, તથા આમ કહે છે એનો હેતુ શો ? (શ્રીમદ્‌રાજચંદ્ર અંગત હાથનોંધ ૧ લી પૃ. ૮૭)

ભાવઅપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષોની આજ્ઞાની સમ્યક્ પ્રતીતિ આવ્યા વિના તથા તેમાં અચળ સ્નેહ થયા વિના સત્સ્વરૂપના વિચારની યથાર્થ પ્રપ્તિ થતી નથી.

સુયગડાંગ સૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગે ચડાવ્યા છે, ત્યાં આમ ઉપદેશ કર્યો છે:– હે આયુષ્મનો ! આ જીવે સર્વ કર્યું છે એક આ વિના. તે શું ? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેના ઉપદેશ તે સાંભળ્યા નથી, અથવા રૂડે પ્રકારે કરીને ઉઠાવ્યા નથી; અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.

સુધર્માસ્વામી જંબૂસ્વામીને ઉપદેશે છે કે:–જગત આખાનું જેણે દર્શન કર્યું છે એવા મહાવીર ભગવાન તેણે આમ અમને કહ્યું છે:–"ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષ પ્રાપ્ત થયા." એક આ સ્થળે જ નહિ પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.

**'आणाए धम्मो आणाए तवो'**

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ; આજ્ઞાનું આરાધન એ જ તપ. (પત્રાંક ૧૬૭)

શ્રી તીર્થંકર વારંવાર નીચે કહ્યો છે તે ઉપદેશ કરતા હતા:–

**संबुज्झहा जंतवो माणुसत्तं, दुट्ठजयं बालिसेण अलंभो, एगंतदुखखे जरिएव लोए, सकम्मणा विपरियासु बिंति.**

'હે જીવો ! તમે બુઝો, સમ્યક્ પ્રકારે બુઝો. મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે, અને ચારે ગતિને વિશે ભય છે એમ જાણો. અજ્ઞાનથી સદ્‌વિવેક પામવો દુર્લભ છે, એમ સમજો. આખો લોક એકાંતે દુઃખેકરી બળે છે એમ જાણો, અને સર્વ જીવ પોતપોતાના કર્મે કરી વિપર્યાસપણું અનુભવે છે, તેનો વિચાર કરો'— સૂયગડાંગ અધ્યયન ૭ મું.

સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો, અને આત્મા ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ *અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો તેમજ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ તે સત્સંગ–સત્પુરુષની ×આજ્ઞાને ઉપાસવી. શ્રી તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે તે અવશ્ય સત્સંગને ઉપાસે છે. એમ જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે.– દ્વાદશાંગીનું સળંગ સૂત્ર (પત્રાંક ૪૦૪)

(પરમતત્ત્વજ્ઞ બોધિપુરુષ શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથમાંથી) **જિજ્ઞાસુ**

---

* અત્ર યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન (ગૌણ) એટલા માટે કહ્યો કે જ્ઞાની પુરુષની આજ્ઞા આરાધનામાં જ સર્વ સાધનો સમાય છે.

× પણ એ આજ્ઞા કેવી છે તે જાણ્યા વિના સાધકને તે લાગુ પડતી નથી. અત્ર ઘણો વિચારસમાસ છે, પરંતુ આ સ્થાને તેનો અવકાશ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## એક અગત્યનું નિવેદનઃ—

આ સભા તરફથી આજ સુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઈંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો નાના-મોટા ગ્રંથો પ્રગટ કરવામાં આવ્યા છે, તેમાંના મોટા ભાગના ગ્રંથો તો તરત ખપી જવાથી હાલ સ્ટોકમાં નથી, અને જે કંઈ સ્ટોકમાં છે તેમાંથી પણ ઘણી નકલો આજે ખલાસ થવા આવેલી છે.

હાલ જે કંઈ ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના નીચેના ગ્રંથો ખાસ સાહિત્ય પ્રચારની દૃષ્ટિએ રાહતની કીંમતે આપવાનો સભાએ નિર્ણય કર્યો છે, તો જે કોઈ સભાસદ બન્ધુ વસાવી લેવા માગતા હોય તે અમોને તરત જણાવવા કૃપા કરે.

ખાસ રાહતથી આપવાના ગ્રંથો અમુક પ્રમાણમાં જ કાઢવામાં આવ્યા છે અને તે સૌ પહેલાં સભાના સભાસદ બન્ધુઓને આપવાના છે. અને તે ઉપરાંત જૈન ગ્રંથભંડારો-પુસ્તકાલયો કે પૂજ્ય મુનિમહારાજોને પણ આ લાભ આપવામાં આવશે.

**૧. જ્ઞાનપ્રદીપ :** આ ગ્રંથમાં સ્વ. આચાર્ય વિજયકસ્તૂરસૂરીશ્વરજીએ લખેલ આધ્યાત્મિક લેખોનો સર્વ-સંગ્રહ રજૂ કરવામાં આવેલ છે તેમાંના લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈન-દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઈ જાય છે. ટૂંકમાં આત્મસિદ્ધિને માટે આ ગ્રંથ ખાસ વાચન-મનન કરવા જેવો છે. લગભગ છ સો પાનાનો આ ગ્રંથ મોટો હોવા છતાં તેની કિંમત માત્ર રૂા. ૮-૦-૦ રાખવામાં આવેલ છે. જ્યારે ખાસ રાહત તરીકે તેની કિંમત ૬-૦-૦ લેવામાં આવશે. (રવાનગી ખર્ચ અલગ)

**૨. શ્રી તીર્થંકર ચરિત્ર :**

આ નાનકડા ગ્રંથમાં ચોવીશે તીર્થંકરોના પચરંગી ચિત્રો મૂકવામાં આવેલ છે. તેની ખાસ ખૂબી તો એ છે કે હંમેશના દર્શન માટે 'દર્શન-ચોવીશી'ની ગરજ પણ આ ગ્રંથથી સરે છે. ચોવીશે ચિત્રો ભારે આર્ટ પેપર ઉપર કલાત્મક રીતે પચરંગી શાહીમાં છાપવામાં આવ્યા છે. એમ છતાં તેની કિંમત રૂા. ૬-૦-૦ રાખવામાં આવેલ છે.

આપ દર્શન માટે ચોવીશ ભગવાનના ચિત્રો ઘરમાં મઢાવીને રાખવા માગતા હશો તો પણ મઢાવીને રાખી શકશો.

દરેક કુટુંબમાં આ ગ્રંથ ખાસ વસાવવા જેવો છે. તેની રાહતની કિંમત માત્ર રૂા. ૪-૮-૦ રાખવામાં આવેલ છે. (રવાનગી ખર્ચ અલગ)

**૩. કથારત્ન કોશ :**—ભા. ૧-૨. આજ સુધીમાં પ્રગટ નહિ થએલ એવી કથાઓનો સંગ્રહ આ બન્ને ભાગમાં આપવામાં આવેલ છે. દરેક કથા સરળ શૈલિએ અને ધાર્મિક-સંસ્કાર પ્રેરતી રહે તે રીતે આલેખવામાં આવેલ છે.

તેના પ્રથમ ભાગની કિંમત રૂા. ૧૦-૦-૦ તથા બીજા ભાગની કિંમત રૂા. ૮-૦-૦ છે. એમ છતાં તે આપને અનુક્રમે રૂા. ૮-૦-૦ અને રૂા. ૬-૮-૦ થી આપવામાં આવશે જ્યારે બન્ને ભાગના રૂા. ૧૮-૦-૦ને બદલે માત્ર રૂા. ૧૩-૦-૦ લેવામાં આવશે (રવાનગી ખર્ચ અલગ.)

રાહતથી આપવા માટે અમુક જ ગ્રંથો ખાસ કેસ તરીકે કાઢવામાં આવ્યા છે, તો જ્યાં સુધી તે સ્ટોકમાં હશે ત્યાં સુધી જ આપવામાં આવશે માટે જરૂરિયાત હોય તેઓ તરત મંગાવી લેવા કૃપા કરે

લખો :—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# સમાપ્તિ મધુરથી કરવી

રોજનો અનુભવ આપણને એક વાત શીખવે છે. કોઈ પણ વસ્તુ, પ્રસંગ કે વ્યક્તિ વિષેની આપણી છાપનો આધાર, એ વસ્તુ, પ્રસંગ કે વ્યક્તિએ આપણા ઉપર છેલ્લે છેલ્લે જે પ્રત્યાઘાતો જન્માવ્યા હોય તેના ઉપર જ રહે છે. નાટક આખું સારું હોય, પણ છેવટના દ્રશ્યમાં એ કથળી જાય તો એની સમગ્ર છાપ સારી ન જ પડે. એથી ઊલટું, નબળું દેખાતું નાટક પણ, કોક વાર, એની ચોટદાર પૂર્ણાહુતિને કારણે મન ઉપર કાયમી અસર મૂકી જાય. પ્રત્યેક સાહિત્યકૃતિનો આ નિયમ. વ્યક્તિઓની વાત લઈએ તો, વરસો સુધી કોઈ વ્યક્તિ સાથે મીઠો સંબંધ હોય, અને પછી છેલ્લે છેલ્લે એક કડવો પ્રસંગ બની જાય, તો ભૂતકાળની બધી યે મીઠાસ ભ્રમણા હતી એમ મનને લાગવા માંડે અને એવી જ રીતે છેવટનો એક મીઠો પ્રસંગ લાંબા ગાળાના પરિચય દરમ્યાન ગળવી પડેલી અનેક કડવી ગોળીઓને મીઠી પણ બનાવી દે. એટલે જ તો 'સૌ સારું, જેનું છેવટ સારું' એ કહેવતમાં એક સનાતન સત્ય છે એમ આપણને લાગે છે.

એટલે જીવનની પૂર્ણાહુતિ તો મધુરતાથી કરવી હોય, તો આપણે સદાય મધુરતાના ભાવથી ભાવિત થઈને રહેવું જોઈએ. જે ભાવની ભાવના સદા સેવી હોય, તે જ ભાવ અંતસમયે પ્રગટ થવાનો, બીજો કોઈ નહિ. રાતદહાડો રામનું રટણ કરનાર કાકે ગાંધીના વિરલ મુખમાંથી જ અંતસમયે 'હે રામ' એવો ઉદ્ગાર સંભવે. બાકી તો હજાર ઉપાયો કરો, અંતે હાયકારો જ નીકળવાનો !

"પદ્મ"

મુદ્રક અને પ્રકાશક :- હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રીં. પ્રેસ : ભાવનગર.

For Private And Personal Use Only